**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૪૨ ટકા

# લાલ આંખ : ફોર વ્હીલર ૬૦ કિ.મી.થી વધુની સ્પીડમાં હશે તો ૨૦૦૦ રૂ.નો ઈ-મેમો ઘરે આવશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં વધતા જતા ટ્રાફિક અને અકસ્માતોના નિવારણ માટે પોલીસતંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરના તમામ માર્ગો પરના સીસીટીવી કેમેરાની અંદર ઓવર સ્પીડના ચલણ ચાલુ થઈ ગયા છે. જેથી કોઈપણ ગાડી ફોરવ્હીલર ૬૦ કિલો મીટરની સ્પીડથી વધારે હોય તો તેને ઓવર સ્પીડનો ૨૦૦૦ રૂપિયાનો ઈ-ચલણ મેમો ડાયરેક્ટ ઘરના એડ્રેસ ઉપર મોકલવામાં આવશે. તથા ટુ વ્હીલર પર હેલ્મેટ વગર વાહન ચલાવનારને ૫૦૦ રૂપિયાનો મેમો સીસીટીવીથી જ આપવામાં આવશે.

શહેરમાં દિવસે ને દિવસે માર્ગો પર ટ્રાફિક વધી રહ્યો છે. દરરોજના અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. શહેરમાં દરેક માર્ગો પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમાં ઓટોમેટીક ઈ-મેમો પદ્ધતિયુક્ત કેમેરા સાથેની સુવિધાઓ છે. જેમાં ઓટોમેટીક ઈ-મેમો તૈયાર થઈ જાય છે. ત્યારે પોલીસતંત્ર દ્વારા ટ્રાફિક નિયમોને કડક કરવા માટેની કાર્યવાહી માટે લાલ આંખ કરવામાં આવી છે. શહેરના તમામ માર્ગો પરના સીસીટીવી કેમેરાની અંદર ઓવર સ્પીડના ચલણ ચાલુ થઈ ગયા છે. જેથી ફોરવ્હીલર વાહન ચાલકો જો ૬૦ કિમીની સ્પીડથી વધારે સ્પીડમાં વાહન ચલાવશે તો તે ઓવરસ્પીડ ગણાશે અને તેને ઓવરસ્પીડનો ૨૦૦૦ રૂપિયાનો ઈ-ચલણ મેમો ડાયરેક્ટ ઘરે જ આવી જશે. જ્યારે ટુ વ્હીલર પર હેલ્મેટ વગરના દેખાશે તેમને ૫૦૦ રૂપિયાનો મેમો સીસીટીવીથી જ ઘરે મોકલવામાં આવશે. શહેરની ટ્રાફિક પોલીસે ટ્રાફિક સિગ્નલ ઉપર નિયમ ભંગ કરતા વાહનચાલકોને કોઈ શેહ-શરમ કે વિવાદ વગર જ નિયમ ભંગના ઈ-મેમો ફટકારવા માટે ઓટોમેટેડ સિસ્ટમ શરૂ કરી છે. જેથી વાહનચાલકો ટ્રાફિક નિયમ પાલનમાં વધુ ચુસ્ત બને તેવી અધિકારીઓની આશા છે.

## ટુ વ્હીલર પર હેલ્મેટ વગરનાને ૫૦૦ રૂ. નો ઈ-મેમો મળશે





### છેલ્લા ૧૫ દિવસમાં સ્થળ પર ૧.૬ લાખનો દંડ વસુલાયો : ટ્રાફીક પી.આઈ.

ટ્રાફિક પીઆઈ એમ.આઈ. પુવારના જણાવ્યા મુજબ ૨૮ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર સુધીમાં કુલ ૫૩ પાવતી સ્થળ પર જ વાહનચાલકોને આપવામાં આવી છે. ૧ પાવતીના ૨૦૦૦ રૂપિયાનો દંડની રકમ વસૂલી છે. જેમાં ૧.૬ લાખ કુલ દંડની રકમ વસુલવામાં આવી છે.


### ચાર રસ્તા વચ્ચે મેમો-ચલણ રીસીપ્ટ આપતી પોલીસ જોવા નહી મળે...

એક સમય હતો જ્યારે શહેરના માર્ગો પર ટ્રાફિક પોલીસ હાથ ઊંચા કરી એક પછી એક સાઈડના વાહનોને જવા-આવવા માટે હાથ ઊંચા કરતી હતી. વ્હીસલ વાગે તે સાથે જ એક પછી એક સાઈડ ખોલવામાં આવે છે. વર્ષોની આ પરંપરામાં ઈલેક્ટ્રોનિક ગ્રીન અને રેડ સિગ્નલ સિસ્ટમમાં બદલાવ આવ્યો જેમાં ટ્રાફિક સિગ્નલની સિસ્ટમમાં મોટો બદલાવ આવ્યો. માર્ગો પર ટ્રાફિક સિગ્નલ વાહનોના ટ્રાફિક આધારિત ઓન-ઓફ થાય છે. તેમ છતાં શહેરીજનો દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો છે. ચાલુ સિગ્નલમાં રેડ લાઈટ હોવા છતાં વાહનચાલકો થોભતા નથી મનફાવે એમ પોતાના વાહનો લઈ જાય છે. સ્પીડ લીમીટના બોર્ડ માર્ગો પર લગાવ્યા છે તેમ છતાં ઓવર સ્પીડમાં વાહનો ચાલી રહ્યા છે. તમામ પ્રકારના ટ્રાફિક પોલીસના નિયમોના ભંગ થવાથી ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. વધતા જતા ટ્રાફિકને રોકવા માટે તથા અકસ્માતોને અટકાવવા માટે કડક નિયમો હાથ ધર્યા છે. ટ્રાફિક પોલીસ માર્ગો પર નહી હોય તેમ છતાં ટ્રાફિક પોલીસના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને ઘરે જ ઈ-મેમો મળી જશે. તેથી ટ્રાફિક પોલીસ સાથે જે જપાજપી અને મારામારી તથા ભલામણો થઈ રહી હતી જે હવે બંધ થઈ જશે. દરેક વ્યક્તિને નિયમ ભંગ બદલ ઈ-મેમો ભરવો પડશે.

## જન્મદિને વધામણી



ભાર્ગવ જનાર્દન જોષી
ફાઈનાન્સિયલ એડવાઈઝર
મો. ૯૪૨૬૩ ૬૭૦૧૯



છબી ઉજ્વલ વૈશ્યક

## શહેરના જાણિતા કલાકાર હિમાંશુ ભચેચ આર્ટીસ્ટ ફોરમના ઉપપ્રમુખ પદે



ગાંધીનગર, તા. ૧૬

આર્ટિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાતના ઉપપ્રમુખ તરીકે ગાંધીનગરના સંવેદનશીલ કલાકાર હિમાંશુ ભચેચ અને સુરતના કલાપ્રેમી રાકેશ બારોટની નિમણૂંક કરાઈ છે. ગાંધીનગરના હિંમાશુ ભચેચની નિમણૂંકને શહેરના કલાકારો અને કલાપ્રેમીઓ દ્વારા ભારે આવકાર મળી રહ્યો છે.

## માહિતી વિભાગના વર્ગ-૧-૨ અધિકારીઓની સીધી ભરતીની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૧૬

માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકશ્રીની કચેરીની વર્ગ-૧-૨ ની સીધી ભરતીની મુખ્ય પરીક્ષાનું પરીણામ જાહેર થયુ છે. પત્રકારત્વ ક્ષેત્રના ઘણા યુવાનો આ પરીક્ષામાં પાસ થયા છે.

માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ગ-૧-૨ અને ૩ ની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. પત્રકારત્વનો અભ્યાસ કરેલા ઘણા રોજગારવાંચ્છુ યુવાનોએ આ ભરતી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. વર્ગ-૧-૨ની મુખ્ય પરીક્ષાનું પરીણામ ગઈકાલે જાહેર થતાં પત્રકારત્વ ક્ષેત્રના ઘણા યુવાનો વર્ગ-૧-૨ની મુખ્ય પરીક્ષામાં પાસ જાહેર થયા છે. માહિતી નિયામકશ્રીની કચેરીમાં કાર્યરત ઘણા યુવા કર્મચારીઓ પણ તેમાં પાસ જાહેર થયા છે. પાસ જાહેર થયેલા યુવાનોના ડોક્યુમેન્ટ્સ વેરીફીકેશનની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. ત્યારબાદ ઈન્ટરવ્યૂ ગોઠવાશે. વર્ગ-૩નું પરીણામ પણ ટુંક સમયમાં જાહેર થવાની શક્યતાઓ છે.

## ન્યૂ વાવોલ અંડરપાસથી લીલા હોટલ વિસ્તારમાં સાફ-સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ન્યૂ વાવોલ અંડરપાસથી સોસાયટી તરફ જવાના વિસ્તારો અને ધ લીલા હોટલ તરફના વિસ્તારોની સાફ-સફાઈ હાથ ધરાઈ હતી. દિવાળી પર્વ બાદ આ વિસ્તારોમાં કચરાના ઢગલાઓ જોવા મળી રહ્યા હતા. જેની ગઈકાલે સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં નોનવેજની લારીઓના કારણે ગંદકીનું પ્રમાણ વધી ગયુ હતુ. જેમાં લારીઓની આસપાસ કચરાના ઢગલાઓ પથરાઈ રહ્યા હતા. જેના કારણે દુર્ગંધ પણ ફેલાઈ રહી હતી. જો કે સફાઈ કામદારો દ્વારા સમયસર સફાઈ કરવામાં આવી રહી છે પરંતુ અસામાજિક તત્વો દ્વારા જાહેર માર્ગો અને સ્થળો પર કચરો ફેંકવામાં આવતા સફાઈ કામગીરી કરનારાઓ પણ આ વિસ્તારની સફાઈ કરતા કંટાળી ગયા છે. અંડરપાસ વિસ્તારમાં સેલ્ફી અને ફોટાઓ ક્લીક કરવા માટે શહેરીજનો આવી રહ્યા છે. રાત્રી દરમિયાન જન્મદિવસની ઉજવણી માટે મિત્રો એકઠા થાય છે. જેમના દ્વારા કેકના બોક્સ તથા અન્ય કચરો ફેંકવામાં આવ્યો હતો. આ કચરો ઘણા સમયથી આ વિસ્તારમાં જામી ગયો હતો. જેની સાફ-સફાઈ બાદ આ વિસ્તારની રોનક જળવાઈ રહી છે. નોનવેજની લારીઓનો જાહેર સ્થળો પર પ્રતિબંધવાળા મુદ્દાના કારણે જવાબદાર તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયુ હતુ. ન્યુ વાવોલ વિસ્તારમાં સોસાયટીઓની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. જેમાં રહીશો દ્વારા સોસાયટીઓને સુંદર રીતે સ્વચ્છ રાખવામાં આવે છે. પરંતુ આસપાસના વિસ્તારોમાં માર્ગો તથા ફૂટપાથ પર ઉભી રહેતી લારીઓ તરફ કચરાના દશ્યો જોવા મળતા હોય છે. જેમાં આ વિસ્તારમાં ફાસ્ટફૂડની લારીઓ દિવસે ને દિવસે વધી રહી છે. સ્વચ્છતાનું પાલન આ લારીઓવાળા દ્વારા રાખવુ જ જોઈએ. આ વિસ્તારમાં સેવન સ્ટાર હોટલના કારણે મુલાકાતીઓની સંખ્યા વધારે રહે છે. તેથી જેમ પોતાનુ ઘર સ્વચ્છ રાખવામાં આવે છે તેમજ પોતાનું શહેર અને વિસ્તાર પણ સ્વચ્છ રાખવા જોઈએ.



### ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં બાલદિનની ઉજવણી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ.પ્રાઈમરી વિભાગમાં બાલદિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ચાચા નહેરુ વિષે જાણકારી આપવામાં આવી હતી અને બાળકોએ કાગળમાંથી કમળ બનાવ્યુ હતુ. બાલદિન નિમિત્તે બાળકોએ શિક્ષકોના સાથ સહકારથી ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

## આઈ.આઈ.ટી.ઈ. ખાતે ૧૮મીએ પદવીદાન સમારોહ

ગાંધીનગર, તા. ૧૬

આઈ.આઈ.ટી.ઈ. ખાતે ૧૮મીના રોજ ચોથો પદવીદાન સમારોહ યોજાશે. જે બપોરે ૧૨ કલાકે આઈ.આઈ.ટી.ઈ.ના પ્રાંગણમાં યોજાશે. આ પદવીદાન સમારોહના અધ્યક્ષસ્થાને ગુજરાતના રાજયપાલ અને ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત દ્વારા યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા સ્નાતક, અનુસ્નાતક તેમજ શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમ પીએચ.ડી.ની એમ કુલ ૭૨૫ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી મુખ્ય અતિથિ રહેશે અને શિક્ષણ રાજ્યમંત્રી કુબેરભાઈ ડીંડોર અતિથિ વિશેષ તરીકે સર્વ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવશે. તથા ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના કુલપતિ હર્ષદ પટેલ સર્વે ડિગ્રી ધારકોને તેમજ ઉત્તીર્ણ થનાર ભાવિ શિક્ષકોનું અભિવાદન કરશે.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ટેલેન્ટ વર્કશોપ અંતર્ગત મોડેલ રોકેટરી વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ ટેલેન્ટ વર્કશોપ નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત તા.૧૬ના રોજ મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર શ્રી હાર્દિક મકવાણ ધ્વારા વિદ્યાર્થીઓને રોકેટના વિવિધ ભાગો વિષે .કાર્યરચના વિષે તેમજ રોકેટ વિજ્ઞાનના કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે તેની ઊંડાણ પૂર્વક સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ભારતીય અવકાશી સંસ્થા Indian Space Research Organization (ISRO) વિષે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. તેમજ ઈસરો ધ્વારા અવકાશમાં તરતા મુકવામાં આવેલ વિવિધ ઉપગ્રહો તેમજ PSLV અને GSLV રોકેટ વિષે માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને ચાર્ટ પેપર અને કાર્ડ પેપરનો ઉપયોગ કરીને રોકેટ બનાવતા શીખવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સિંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ અને પેરાશુટ રોકેટ બનાવતા શીખવવામાં આવ્યા હતા.રોકેટ અવકાશમાં કેટલી ઉંચાઈએ પહોચે છે તેની ગણતરી પણ શીખવવામાં આવી હતી. રીમોટ કંટ્રોલ ધ્વારા રોકેટનું કઈ રીતે લોન્ચિંગ કરી શકાય તેની પણ માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ પોતાની જાતે રોકેટ બનાવ્યા હતા અને તેનું લોન્ચિંગ પણ કર્યું હતું. આ વર્કશોપમાં ૩૮ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## દિગંબર જૈન સમાજના પ્રમુખ નિતીનભાઈ શાહનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૬

દિગંબર જૈન સમાજના ખૂબ



જ ધર્માનુરાગી પ્રમુખ નીતિનભાઈ દિનેશભાઈ શાહનું ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે. સેક્ટર-૨૨માં વિપુલ સાયકલ સ્ટોરવાળા નીતિનભાઈ માત્ર ૫૬ વર્ષની ઉંમરે રવિવારે દુઃખદ અવસાન થયુ છે. સમાજને મોટી ખોટ રહેશે. સદ્ગતનું બેસણું તારીખ ૨૧ને સોમવારે સવારે ૯.૦૦ કલાકે દિગંબર જૈન મસાજભવન સેક્ટર-૨૧ ખાતે રાખેલ છે.

## સ્વ. મોહમ્મદ રફીની ૯૭મી જન્મજયંતિ નિમિત્તે કરાઓકે સંગીત સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

કરાઓકે કલબ દ્વારા કરાઓકે સંગીત સ્પર્ધા કાર્યક્રમનું આયોજન કરેલ છે. મહાન પાશ્વગાયક સ્વ. મો. રફીની ૯૭મી જન્મજયંતિ નિમિત્તે સ્વરાંજલી આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. ગાંધીનગર-અમદાવાદ શહેરના તેમજ આજુબાજુના વિસ્તારના અનુભવી-બિન અનુભવી કલાકારોને કરાઓકે ટ્રેક શૉ દ્વારા પોતાના અવાજમાં ગીતોની રજુઆત કરવા માટે એક સારૂ સ્ટેજ પુરૂ પાડવાના હેતુથી કરાઓકે સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં વિજેતા સભ્યોને પ્રોત્સાહન રૂપે ટ્રોફી આપવામાં આવશે.

આ સ્પર્ધા માટેનું ઓડીસન ૫ ડિસેમ્બરના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારૂતિ નેક્શા શૉ રૂમની બાજુમાં, કુડાસણ ખાતે રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ ૩૦ નવેમ્બર સુધીમાં સ્ટુડિયો ખાતેથી ભરી શકાશે. જેની વધુ માહિતી માટે ૮૮૪૯૪૫૪૪૦૫, ૯૪૨૭૩૧૮૦૭૩ પર સંપર્ક કરવા જણાવેલ છે.

## પારસમણિ 'રંગબેરંગી રંગોળી' સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો





પારસમણિ ફાઉન્ડેશન દ્વારા પારસમણિ રંગબેરંગી રંગોળી સ્પર્ધા - ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય પરંપરા અને સંસ્કૃતિના પ્રતીક સમાન રંગોળી એ ઘર આંગણાની શોભા છે. પારસમણિ રંગોળી સ્પર્ધા છેલ્લા ચાર વર્ષથી આયોજિત કરવામાં આવે છે. આ રંગોળી સ્પર્ધામાં આ વખતે ગાંધીનગર અને ગુજરાતના વિવિધ શહેર અને છેક અમેરિકાથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધામાં ૮૦ જણાએ ભાગ લીધો હતો.

લાભપાંચમના રોજ ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ હોલ ખાતે જાહેર કાર્યક્રમમાં પારસમણિ રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ વિભાગના વિજેતાઓમા પ્રથમ મિલ્સી કાપડીયા દ્વિતીય ખુશી પટેલ, બીજા વિભાગમાં પ્રથમ ડૉ. કાવ્યા પટેલ, દ્વિતીય હિમા વોરા અને તૃતીય શિવમ સાદડીયા, તૃતીય વિભાગમાં પ્રથમ મહેક ઝાલા, દ્વિતિય લિપિ ઓઝા, તૃતીય રૂચી લતાડ અને ઝુકી પટેલ જ્યારે ચોથા વિભાગમાં પ્રથમ દિવ્યા પારેખ, દ્વિતીય પારૂલ મહેતા અને તૃતીય હર્ષિકા ઓઝાને ઈનામ પ્રાપ્ત થયું હતું.

પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે આ રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિજેતાને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત, જાણીતા ઓર્થોપેડીક સર્જન ડૉ. મહિપતસિંહ પરમાર, પારસમણિ ફાઉન્ડેશનના ઉપાધ્યક્ષ રિદ્ધિ થોરાત અને ડૉ. પૌલમી પરમારના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં વૈવિધ્યસભર રંગોળીઓ જોવા મળી હતી. પારસમણિ રંગોળી સ્પર્ધામાં ૧૧ વર્ષની છોકરીથી લઈને ૭૨ વર્ષ સુધીની મહિલાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કો-ઓર્ડીનેટર તરીકે રિદ્ધિ થોરાતે સેવા આપી હતી જ્યારે તરિશી પરમાર અને ડૉ. પૌલમી પરમારે આ સ્પર્ધા સફળ બનાવવા મહેનત કરી હતી.

## ન્યુ ગાંધીનગરમાં ફાયર એનઓસી વિના ધમધમતા ૧૭ એકમો સામે કાર્યવાહી થશે

**ત્રણ ત્રણ વાર નોટીસ આપવા છતા ફાયર સુવિધા ઉભી કરાઈ નથી : આ ઈમારતો સામે ઉચ્ચ કક્ષાએથી આદેશ મળતા જ પાણી અને વિજ કનેકશન પણ કાપીને સીલીંગની કાર્યવાહી**

ગાંધીનગર, તા.૧૬

ન્યું ગાંધીનગર વિસ્તારમાં ફાયર એનઓસી વિના ૧૭ જેટલી ઈમારતો કાર્યરત છે. ફાયર વિભાગ દ્વારા ત્રણ ત્રણ વાર નોટીસ આપવા છતા ફાયર સુવિધા ઉભી કરાઈ નથી. ત્યારે ફાયર એનઓસી વિના ધમધમતા એકમોને તંત્રની નોટીસનો કોઈ ફેર પડતો ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ફાયર વિભાગ દ્વારા આગામી સમયમાં વિજળી અને પાણીના કનેકશન કાપવાની કવાયત શરુ કરાઈ છે.

ન્યું ગાંધીનગરના કુડાસણ અને રાયસણ વિસ્તારમાં આવેલી ૧૭ રહેણાંક ઈમારતો જે ૧૫ મીટરથી વધુની ઉંચાઈ ધરાવે છે.તેવી ઈમારતોને ત્રણ વાર નોટીસ ફાયર તંત્ર દ્વારા આપવામાં આવી છે. એક નોટીસની સમય મર્યાદા ૧૦ દિવસની રહેતી હોય છે.

ત્યારે ત્રણ નોટીસ આપવા છતા ફાયર સેફટી મુદ્દે કંઈ નહી વિચાર કરતા આ એકમો પર ગણતરીના દિવસોમાં તવાઈ આવે તેમ લાગી રહ્યું છે.આગામી સમયમાં ફાયર એનઓસી વિના ધમધમતા રહેણાંક એકમો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઈમારતો સામે ઉચ્ચ કક્ષાએથી આદેશ મળતા જ પાણી અને વિજ કનેકશન પણ કાપીને સીલીંગની કાર્યવાહી હાથ ધરાય તેમ લાગી રહ્યું છે. ત્યારે ફાયર એનઓસી વિનાના એકમો સામે કડક કાર્યવાહી કરવા માટે ફાયર તંત્ર તૈયાર થઈને બેઠુ છે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી માલજી બબાજી - ૩૬, ડભોડા
- સ્વ. મકવાણા રાજુભાઈ લાલજીભાઈ - ૪૦, સેકટર-૪ છાપરાં
- સ્વ. ત્રિવેદી હેમન્તકુમાર શિવશંકર - ૮૪, સેકટર-૧૪
- સ્વ. કડીયા સંદીપ રામચંદ્ર - ૫૪, સેકટર-૩

## રાષ્ટ્રીય બાલદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના (DLSA)ના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક સેવાઓ આપતા પેરાલીગલ વોલ્યુન્ટીયરસ ટીમ દ્વારા બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પીએલવીના જયરામ સોની અને અનિલ કક્કડ દ્વારા જી.ઈ.બી. છાપરા, આંગણવાડી ખાતે નાના બાળકો સાથે રહીને રાષ્ટ્રીય બાલ દિવસની ઉજવણી કરી હતી. જયરામ સોનીએ હળવી રમતો અને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી માહિતી આપી હતી. જ્યારે અનિલ કક્કડે બાલદિનનું મહત્વ સમજાવ્યું હતું. દરેક બાળકોને બિસ્કિટની વહેંચણી કરી બાલદિનની ઉજવણી કરી હતી. જેમાં સ્થાનિક સેવાભાવી કાર્યકર્તા પ્રવિણ બરોલિયાએ ઉત્તમ સાથ સહકાર પૂરો પાડ્યો હતો.